Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 22,(SURAT), DATE-19/11/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૨૨, (સુરત), તા.૧૯/૧૧/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 તાપીમાં સરદાર પટેલની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણી: બે વિધાનસભા બેઠકો પર યુનિટી માર્ચનું આયોજન

3 પાળીયાદ મહાજન પાંજરાપોળ ને રૂ. ૧૭૫૦૦૦ હજાર નો ગુરુકૃપા ફાઉન્ડેશન ટીમ અમદાવાદ તરફથી સહયોગ

4 ૩૦ કરોડનો પ્રોજેક્ટ અંતિમ ચરણમાં, ટૂંક સમયમાં બારડોલીને મળશે પ્રથમ ઓવરબ્રિજ

## કામરેજની રામકબીર શાળામાં ભારત ભારતી , સુરત દ્વારા રાષ્ટ્રીય એકતાને સમર્પિત પૂર્વ સૈનિક સમાગમ





**કામરેજ-**શ્રી ભારતીય વિદ્યામંડળ સંચાલિત રામકબીર માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભારત ભારતી, સુરત દ્વારા રાષ્ટ્રીય એકતાને સમર્પિત સમાગમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભૂમિદળ, નૌકાદળ અને હવાઇદળમાંથી સેવાનિવૃત્ત પૂર્વ સૈનિક ડો. મિનાક્ષીબેન, ડો. અજય શર્મા, સતયેનદર સિંહ, જે. એન. શિંદે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના NSS અને SPC ના વિદ્યાર્થીઓ દ્વારા સંગીત ના તાલે, પરેડ દ્વારા ભવ્ય આવકાર આપવામાં આવ્યો હતો. દરેક પૂર્વ સૈનિકે શાળાના વિદ્યાર્થીઓને સન્માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના ૨૦૪૭ ના સશક્ત, વિકસીત અને આત્મનિર્ભર ભારત માટે યોગદાન આપવા માટેની ખુબ જ સરસ સમજ આપી હતી. ત્રણે દળોમાં સેવા બજાવવા માટેની લાયકાત, તેની પરીક્ષા વિશે ખાસ કરીને અગ્નિ વીર યોજનાની સમજૂતી આપી હતી. ત્રણે દળના પૂર્વ સૈનિકોએ ઓપરેશન વિજય પરાક્રમ અને કારગીલ યુદ્ધ વિશે પોતાના સંસ્મરણો રજૂ કર્યા હતા. શાળા ના વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી કરી હતી જેના સંદર્ભે ખૂબ જ સરસ સમજ આપી જવાબો આપવામાં આવ્યા હતા. શાળાએ સ્મૃતિ ભેટ આપી તેઓને સન્માનીત કર્યા બાદ રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ ની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રી દિલીપભાઇ સુરતી અને અનિલભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

અનોખા કાર્યક્રમ માટે સંસ્થાના પ્રમુખ શ્રી અરવિંદભાઈ ભક્ત, માનદમંત્રી શ્રી પરેશભાઈ ભકત, ખજાનચી શ્રી જીજ્ઞેશભાઈ ભકતે શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દેસાઈ, ઉ. મા. વિભાગ ના નિરીક્ષક શ્રી કેતનભાઇ દેસાઈ , તેમજ સમગ્ર શાળા પરિવારને આ કાર્યક્રમ માટે શુભેચ્છા પાઠવી હતી તેમજ શાળાના વિદ્યાર્થીઓ અને કર્મયોગી મિત્રોને સશક્ત ભારત ના નિર્માણ માટે સક્રિય યોગદાન આપવાની અપીલ કરી હતી.




## દસ્તાન પાસે ટ્રક-ડમ્પર અકસ્માત:ડમ્પર યુ-ટર્ન લેતા મકાઈ ભરેલી ટ્રક સાથે ભટકાયું, કોઈ જાનહાનિ નહી



બારડોલી- સુરત જિલ્લાના પલસાણા તાલુકાના દસ્તાન ગામ નજીક રેલવે ઓવરબ્રિજ ઉતરતા એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. તમિલનાડુથી મકાઈના દાણા ભરીને કડોદરા તરફ જઈ રહેલી એક ટ્રક અને ડમ્પર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, અશોક લેલેન્ડ ટ્રક બારડોલી થઈ કડોદરા તરફ જઈ રહી હતી. તે જ સમયે, પાછળથી પૂરઝડપે આવી રહેલા એક ડમ્પર એ ટ્રકની ડાબી બાજુએથી આગળ નીકળી યુ-ટર્ન લેવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ડમ્પર મકાઈ ભરેલી ટ્રક સાથે ધડાકાભેર ભટકાયું હતું. અકસ્માત એટલો ભયાવહ હતો કે ટ્રકની કેબિનનો સંપૂર્ણપણે ખુરદો બોલી ગયો હતો. ટક્કરના કારણે ટ્રકમાં ભરેલા મકાઈના દાણા રોડ પર વેરવિખેર થઈ ગયા હતા, જેનાથી વાહનવ્યવહારને પણ અસર થઈ હતી.

ઘટનાની જાણ થતાં આસપાસના લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. સ્થાનિકોની મદદથી ટ્રક ચાલકને હેમખેમ બહાર કાઢવામાં આવ્યો હતો. સદનસીબે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. ઘટના અંગે પલસાણા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે સ્થળ પર પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

## રાજપુત સમાજ, કામરેજ વિભાગ દ્વારા તા. ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ ટીંબા (ગલતેશ્વર) મુકામે પ્રથમ વખત આયોજિત મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં આશરે ૧૦ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

**કામરેજ-** રાજપુત સમાજ, કામરેજ વિભાગ દ્વારા તા. ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ ટીંબા (ગલતેશ્વર) મુકામે પ્રથમ વખત આયોજિત મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં સેવણી અને ખાનપુર ટીમો વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી. રસપ્રદ મુકાબલામાં ખાનપુર ટીમ વિજેતા બની હતી. અંતમાં બંને ટીમોને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ડોક્ટર પાયલબેન મહિડા- વોઈસ પ્રિન્સિપલ ઉમરાખ, શ્રીમતી દીપમાલાબેન મોરી- સામાજિક અગ્રણી, શ્રીમતી રશ્મિબેન દેસાઈ- સેવની સામાજિક અગ્રણી, શ્રીમતી ઉર્મિલાબેન નીયોરીયા રિટાયર્ડ પ્રિન્સિપલ સુરત, શ્રીમતી રીકુબેન ચૌહાણ એડવોકેટ પાલી સુરત જિલ્લા મહિલા પ્રમુખ દક્ષિણ ગુજરાત રાજય સંગઠન, શ્રીમતી ડિમ્પલબેન વસી સુરત જિલ્લા મહિલા મંડળ. શ્રીમતી ડિમ્પલબેન વસી સુરત જિલ્લા મહિલા મંડળના ઉપપ્રમુખ, શ્રીમતી તૃષાબેન રાવલજી સંગઠન મંત્રી સુરત રાજપુત સમાજ, શ્રીમતી ભાવનાબેન ગામ બોલાવ સામાજિક મહિલા આગ્રની, શ્રીમતી દર્શનાબેન ડુમસિયા સામાજિક અગ્રની તથા શિક્ષિકા, શ્રીમતી ડિમ્પલબેન દેસાઈ દેલાડ સામાજિક અગ્રણી, શ્રીમતી જનકબેન દેસાઈ દેલાડ શિક્ષિકા.








આવેલા દરેક મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ રાજપુત મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ એક આ પ્રમાણે પ્રતિ વર્ષ ચાલુ જ રહે. જે પ્રમાણે પુરુષ ક્રિકેટ ટીમ હોય તેવી જ રીતે મહિલાઓની પણ ક્રિકેટ ટીમનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ સમયે કોમેન્ટ્રી પણ કરવામાં આવી હતી.

આ ટુર્નામેન્ટ માટે મોટી સંખ્યામાં મહિલાઓ તથા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અને આનંદ માન્યો હતો. ઉપસ્થિત મહિમાનોમાં મહિલાઓએ પોતાનું વક્તવ્ય અને વિચારો વ્યક્ત કર્યા હતા.






## ચેક રિટર્ન કેસમાં બારડોલીના તેન ગામનીમહિલાનેબેવર્ષનીકેદની સજા



**બારડોલી-** બારડોલી તાલુકાના તેન ગામે આવેલ ચાણક્યપુરી સોસાયટી માં રહેતી મહિલા ને ચેક રિટર્ન ના નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ કસુરવાર ઠેરવતા બારડોલી કોર્ટ દ્વારા બે વર્ષની સદી કેદની સજા ફરમાવાઈ હતી.

ના બારડોલી તેન ગામે ચ ા ણ ક્ય પુ રી સોસાયટીમાં રહેતી વિનતા હસમુખ સોલંકી નામની મહિલાએ ૨૦૨૪ ના વર્ષના મે મહિનામાં બારડોલીની વૈભવલક્ષ્મી કો. ઓપ. ક્રેડિટ સોસાયટી માંથી રૂ. ૭૫ હજારની લોન મેળવી હતી. લોન ની રકમ તથા વ્યાજ ના નિયમિત હપ્તા ચૂકવવામાં નિષ્ફળ જતા તેને નોટિસ ફટકારાઈ હતી. નોટિસ ન જવાબ માં મહિલાએ જુલાઈ ૨૦૨૫ ના મહિના માં યુનિયન બેંક નો ચેક જમા કરાવ્યો હતો. આ ચેક લોન ખાતા પેટે જમા કરતા બેંક દ્વારા મહિલા નું ખાતું સ્થગિત કરાયું હોવાના શેરા સાથે પછી ફર્યો હતો. વૈભવલક્ષ્મી સોસાયટી ના મેનેજરે બારડોલી કોર્ટ માં મહિલા વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો.

વિવિધ તારીખો દરમિયાન મહિલા અથવા તેના વકીલ કોર્ટ મુદ્દત માં હાજર ના રહેતા બારડોલી કોર્ટ ના એડી.જ્યુડિ. મેજિસ્ટ્રેટ જે એલ પરમારે ફરિયાદી ના વકીલ ની દલીલો ધ્યાન માં લઈ કસુરવાર મહિલા વિનતા સોલંકી ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ના કાયદાઓ મુજબ બે વર્ષ ની સદી કેદ અને વળતર પેટે રૂ.૨૦ હજાર ચૂકવવાનો હુકમ જારી કર્યો હતો.

Date-19/11/2025 Wednesday

ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA

(WEEKLY)-SURAT

## તાપીમાં મોબાઇલ ચોરી, Google Pay થી રૂ.૧.૦૭ લાખની છેતરપિંડીઃબે આરોપી ઝડપાયા, રૂ.૧.૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત



તાપી (વ્યારા)- તાપી એલસીબી અને સોનગઢ પોલીસે સંયુક્ત કાર્યવાહી કરીને મોબાઇલ ચોરી અને Google Pay દ્વારા રૂ. ૧.૦૭ લાખની છેતરપિંડીનો ભેદ ઉકેલ્યો છે. આ કેસમાં અરબાઝ શેખ અને શેહબાઝ શેખ નામના બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે ત્રણ મોબાઇલ ફોન અને રૂ. ૫૫,૦૦૦ રોકડ સહિત કુલ રૂ. ૧,૧૨,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

તાપી જિલ્લાના એલ.સી.બી./પેરોલ ફર્લો સ્ક્વોડ અને સોનગઢ પોલીસ દ્વારા આ સંયુક્ત કામગીરી હાથ ધરવામાં આવી હતી. સોનગઢ પોલીસ સ્ટેશનમાં તા. ૧૦/૧૧/૨૦૨૫ ના રોજ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૦૩ (૨) હેઠળ ગુનો નોંધાયો હતો. ગુનો નોંધાયા બાદ ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી તપાસ શરૂ કરવામાં આવી હતી.

પોલીસને મળેલી ચોક્કસ માહિતીના આધારે, ચોરીનો મોબાઇલ રાખનાર શખ્સ વ્યારા જૂના બસ સ્ટેન્ડ પાસે હોવાનું જાણવા મળ્યું હતું. ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને અરબાઝ બસીર શેખ (ઉંમર ૨૪) અને શેહબાઝ સઈદ શેખ (ઉંમર 30) ને પકડી પાડ્યા હતા. બંને આરોપીઓ સુરતના રહેવાસી છે અને મૂળ મહારાષ્ટ્રના છે. આરોપીઓની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે શેહબાઝે એક મહિના પહેલાં ધુલીયાથી સુરત જતા સમયે સોનગઢ આર.ટી.ઓ. પાસે ઉભેલી ટ્રકમાંથી ઓપ્પો કંપનીનો મોબાઇલ ચોર્યો હતો. મોબાઇલનો પાસવર્ડ તોડીને Google Pay એપ ખોલીને તેણે SBI બેંકમાંથી રૂ.૪૧,૦૦૦ અને બેંક ઓફ બરોડામાંથી રૂ. ૬૬,૦૦૦ પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ બંને આરોપીઓએ આ રકમ વહેંચી લીધી હતી. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ત્રણ મોબાઇલ ફોન અને રૂ. ૫૫,૦૦૦ રોકડ મળી કુલ રૂ.૧,૧૨,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે બંને આરોપીઓને કાયદેસરની કાર્યવાહી માટે વ્યારા પોલીસ સ્ટેશનને સોંપ્યા છે.

## સુરત GIDCમાં બોઈલર ફાટતાં આગ લાગીઃ સાઈનર્ષ મેટાલિક કંપનીમાં ઘટના, ફાયર બ્રિગેડે કાબૂ મેળવ્યો



બારડોલી- સુરત જિલ્લાના માંડવી તાલુકાના કરંજ GIDCવિસ્તારમાં આવેલી સાઈનર્ષ મેટાલિક કંપનીમાં ગત મોડી રાત્રે બોઈલર ફાટતા આગ લાગી હતી. ફાયર બ્રિગેડની ટીમોએ બે કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, પ્લાસ્ટિકના રોલ બનાવતી આ કંપનીમાં મોડી રાત્રે અચાનક બોઈલર ધડાકાભેર ફાટ્યું હતું. આ ઘટનાને કારણે આસપાસના વિસ્તારમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો અને અન્ય કંપનીઓના કર્મચારીઓમાં પણ અસર જોવા મળી હતી.

આગની જાણ થતાં જ સુમિનોન અને ટોરેન્ટ ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ યુદ્ધના ધોરણે પાણીનો મારો ચલાવીને આગને વધુ ફેલાતી અટકાવી અને બે કલાકમાં સંપૂર્ણપણે કાબૂમાં લીધી. આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે હાજર રહ્યો હતો. પોલીસે ભીડને નિયંત્રિત કરીને સુરક્ષા વ્યવસ્થા જાળવી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. જોકે, બોઈલર ફાટવાના કારણે જ આ દુર્ઘટના સર્જાઈ હોવાનું પ્રાથમિક અનુમાન છે.

### બારડોલીમાં સબસિડીવાળા યુરિયાનો ઔદ્યોગિક ઉપયોગ પકડાયો

## બારડોલી રૂરલ પોલીસમાં હાઈ-ટેક કંપની સહિત ત્રણ સામે ગુનો દાખલ



બારડોલી- કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને સબસિડીયુક્ત દરે અપાતા રાસાયણિક ખાતર (નીમ કોટેડ યુરિયા) નો ગેરકાયદેસર રીતે ઔદ્યોગિક હેતુ માટે ઉપયોગ કરવાના એક ગંભીર મામલાનો પર્દાફાશ થયો છે. નાયબ ખેતી નિયામકની ફરિયાદના આધારે, બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં હાઈ-ટેક બોર્ડ પ્રાઈવેટ લિમિટેડ સહિત ત્રણ કંપનીના જવાબદાર વ્યક્તિઓ વિરુદ્ધ આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

સુરતના નાયબ ખેતી નિયામક લાલજીભાઈ માધાભાઈ ઇટાલિયાએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ, તારીખ ૨૫ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ નિણત ગામ ખાતે આવેલી હાઈ-ટેક બોર્ડ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં સરકારી સબસિડીવાળા નીમ કોટેડ યુરિયા ખાતરનો જથ્થો પકડાયો હતો.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે કંપનીના જવાબદાર વ્યક્તિઓ દ્વારા ૨૯૬/- પ્રતિ બેગના સબસિડીયુક્ત ભાવની ૫૦ કિલોની ૨૦ નંગ બેગ્સ (કુલ આશરે ૫,૯૨૦) નો ખેતીમાં વપરાશ કરવાને બદલે, અંગત આર્થિક ફાયદા માટે ગેરકાયદેસર રીતે ઔદ્યોગિક હેતુસર ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ગેરકાયદે પ્રવૃત્તિમાં કુલ ચાર પક્ષકારોને આરોપી બનાવવામાં આવ્યા છે. જેમાં હાઈ-ટેક બોર્ડ પ્રાઈવેટ લિમિટેડના આસીસ્ટન્ટ મેનેજર હળપતિ અરુણકુમાર મગનલાલ, ખાતરનો જથ્થો સપ્લાય કરનાર સુનીતા કોમર્સિયલસ પ્રા. લિ. (ભીવંડી, મહારાષ્ટ્ર) ના પોપટ યશવંત માને, ખાતરનો જથ્થો આપનાર ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર એન્ડ કેમિકલ્સ લિમીટેડ ના જવાબદાર વ્યક્તિ (પોલીસ તપાસમાં જે નીકળે તે) અને અન્ય સપ્લાય કરનાર જવાબદાર વ્યક્તિ/સંસ્થા/પેઢીનો સમાવેશ થાય છે.

### તાપીના વ્યારામાં જનજાતિય ગૌરવ વર્ષ ઉત્સવ

## રાજયકક્ષાના મંત્રી સ્વરૂપજી ઠાકોરની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો



તાપી (વ્યારા)- તાપી જિલ્લાના વ્યારા ખાતે જનજાતિય ગૌરવ વર્ષ ઉત્સવ અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજયકક્ષાના મંત્રી સ્વરૂપજી ઠાકોર અને વ્યારાના ધારાસભ્ય મોહન કોકની સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

જનનાયક ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાતભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ ઉજવણીના ભાગરૂપે છેલ્લા પખવાડિયાથી વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે, જેનો એક ભાગ વ્યારાનો આ કાર્યક્રમ હતો.

આ પ્રસંગે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા લોકો અને વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આદિવાસી કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી, જેથી આદિવાસી સમાજ અન્ય સમાજોની હરોળમાં આગળ વધી શકે. કાર્યક્રમ દરમિયાન આદિવાસી લોકનૃત્ય અને ઢોલ-નગારાના તાલે સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ પણ રજૂ કરવામાં આવી હતી.

ભગવાન બિરસા મુંડાના જીવન સંઘર્ષને દર્શાવતી એક શોર્ટ ફિલ્મનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું, જે દ્વારા લોકોને તેમના જીવન અને કાર્યો વિશે જાણકારી આપવામાં આવી. દર વર્ષે બિરસા મુંડાની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવે છે, અને આ વર્ષે પણ તાપી જિલ્લામાં મંત્રીની ઉપસ્થિતિમાં ભવ્ય અને રંગારંગ કાર્યક્રમો યોજાયા હતા.

## નિઝર અને કુકરમુંડા તાલુકામાં ઘઉંના પાકનું વાવેતર શરૂ



**ખેડૂતોના ખેતરોમાં ગત સમયમાં વરસેલા કમોસમી વરસાદના કારણે કપાસ, સોયાબીન, દિવેલા સહીતના અનેક પાકોને ભારે નુકસાન થયું**

કુકરમુંડા- તાપી જિલ્લાના નિઝર અને કુકરમુંડા તાલુકામાં ખેડૂતોએ પોતના ખેતરોમાં ઘઉંના પાકનું વાવેતર શરૂ કરી દેવામાં આવ્યું છે. બંને તાલુકામાં ઘણા એવા ખેડૂતોના ખેતરોમાં ગત સમયમાં વરસેલા કમોસમી વરસાદના કારણે કપાસ, સોયાબીન, દિવેલા સહીતના અનેક પાકોને ભારે નુકસાન થયું હતું.

જેથી હાલમાં અનેક ખેડૂતો દ્વારા પોતાના ખેતરોમાં નુકસાન પામેલા પાકોને કાઢી નાખીને ખેતરોમાં ખેડ સહિતની કામગીરી કરીને ખેતરોનું સાફસફાઈ કરી ઘઉંના પાકનું વાવણી કરી રહ્યા છે.

## તાપીમાં સરદાર પટેલની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીઃ બે વિધાનસભા બેઠકો પર યુનિટી માર્ચનું આયોજન




**મંત્રી નરેશ પટેલે સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનને યાદ કરી લોકોને એકજૂથ થવા હાકલ કરી હતી અને યાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.**

તાપી (વ્યારા)- સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે તાપી જિલ્લામાં 'યુનિટી માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા જિલ્લાની બે વિધાનસભા બેઠકો પરથી પસાર થશે. 'સરદાર@૧૫૦' પદયાત્રા આજથી બે દિવસ સુધી તાપી જિલ્લામાં ફરશે.

આ યાત્રાનો શુભારંભ વ્યારા ખાતેથી કેબિનેટ મંત્રી નરેશ પટેલની આગેવાની હેઠળ થયો હતો. આ પ્રસંગે એક જાહેર સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રી નરેશ પટેલે સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનને યાદ કરી લોકોને એકજૂથ થવા હાકલ કરી હતી અને યાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પદયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. જેમાં ભાજપ સંગઠનના હોદ્દેદારો, વ્યારાના ધારાસભ્ય મોહન કોકણી, સંસદસભ્ય પ્રભુભાઈ વસાવા અને યાત્રાના પ્રભારી મહેન્દ્રભાઈ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આશરે આઠ કિલોમીટર લાંબી આ યાત્રામાં સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## બીલીમોરા- ચીખલી કેમિસ્ટ એસો.ના નિર્ણયથી હાલાકી



ચીખલી-બીલીમોરા-ચીખલી વિભાગ કેમિસ્ટ એસોસિએશને એક ચોંકાવનારો અને તઘલખી નિર્ણય જાહેર કરતાં ચીખલી પંથકના સામાન્ય નાગરિકોની મુશ્કેલી વધી જવા પામી છે. નવા નિર્ણય મુજબ હવેથી ૧-નવેમ્બર-૨૦૨૫ થી ચીખલી વિસ્તારના તમામ મેડિકલ સ્ટોર્સ દરરોજ સવારે ૮ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા સુધી જ ખુલ્લા રાખી શકાશે. વળી રવિવારના દિવસે આ સમયમાં પણ મોટો ઘટાડો કરવામાં આવ્યો છે અને દુકાનો માત્ર બપોરે એક વાગ્યા સુધી જ કાર્યરત રહેશે.

આ સમય પત્રક લાગુ થયા બાદ જો કોઈ દુકાનદાર રાત્રે ૯ વાગ્યા પછી સ્ટોર ખુલ્લો રાખશે તો એસોસિએશનના નિયત કરેલા નિયમો અને સજા ભોગવવી પડશે. એક તરફ એસોસિએશન દ્વારા દુકાનદારોની સગવડતા માટે આ નિર્ણય લેવાયો હોય તેમ લાગી રહ્યું છે. પરંતુ બીજી તરફ તેનાથી સામાન્ય નાગરિકો અને દર્દીઓ માટે ગંભીર સમસ્યાઓ ઊભી થઈ છે. ખાસ કરીને રાત્રે ૯ વાગ્યા પછી કે રવિવારે બપોરે ૧ વાગ્યા પછી અચાનક કોઈને તાત્કાલિક દવાઓની જરૂર પડે તો ક્યાં જવું? તે એક મોટો પ્રશ્ન બની ગયો છે.

આ નવા નિયમને કારણે ઇમરજન્સીના સમયે લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. આ પ્રકારના એકપક્ષીય અને તઘલખી નિર્ણયથી સામાન્ય નાગરિકોએ અનેક સમસ્યાઓ વેઠવાની નોબત આવશે તે નિશ્ચિત છે. આરોગ્ય સેવા એ જીવન જરૂરીયાતની સેવા છે અને તેનો સમય આ રીતે નિયંત્રિત કરવો એ કેટલું યોગ્ય છે. તે અંગે સવાલો ઊભા થઈ રહ્યા છે. એક તરફ એસોસિએશનના આ નિર્ણયથી કેટલાક મેડિકલ સ્ટોર સંચાલકોમાં નિયમિત સમયપાલન અને આરામ મળવાની આશાએ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ચીખલીમાં હોસ્પિટલ એટેજ મેડિકલ સ્ટોર માટે આ નિયમ લાગુ નથી પડતો અને ઘણા મેડિકલ સ્ટોરમાં સાંજના સમયે બાદ ફાર્મસીસ્ટ હાજર નથી રહેતા ત્યારે કઈક પ્રોબ્લેમ ન ઉભો થાય એ માટે અમે આ નિર્ણય લીધો છે.

## BLO ફરજમાં શિક્ષકોને થતી તકલીફો દૂર કરવા શૈક્ષિક મહાસંઘની રજૂઆત



વ્યારા- રાજય માં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ દરમ્યાન બૂથ લેવલ ઓફિસર તરીકે સેવા આપતા રાજયના હજારો શિક્ષકોને પડતી મુશ્કેલીઓ અંગે તાપી પ્રાથમિક શૈક્ષિક મહાસંગ ના અધ્યક્ષ અર્જુનભાઈ ગામીત અને મહામંત્રી અશોકભાઈ ચૌધરી સહિત સભ્યોના અધ્યક્ષ સ્થાને લેખિતમાં રજૂઆત કરાઈ હતી

જેમાં સંઘે જણાવ્યા મુજબ ૦૪ નવેમ્બરથી ૦૪ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન BLO ઓને ડોર-ટુ-ડોર જઈ એન્યુમરેશન કામગીરી કરવાની છે, જે શિક્ષકોને શાળાકીય ફરજ બાદ પૂર્ણ કરવી પડે છે. આ પ્રક્રિયા સમયગુસ્સો તથા માનસિક તાણ ઊભું કરતી હોવાની શિક્ષકોમાં વ્યાપક નારાજગી છે. સંઘે વધુ ગંભીર મુદ્દો ઉઠાવ્યો છે કે BLO ફરજમાં કોઈ કારણસર હાજર ન રહી શકનાર શિક્ષકો સામે મામલતદાર અથવા કલેક્ટર કચેરીમાંથી ધરપકડ વોરન્ટ જેવી કાર્યવાહી થાય છે. તેને સદંતર બંધ કરવાની માંગણી કરી છે. સંઘે સરકાર અને ચૂંટણી પંચ સમક્ષ નીચે મુજબની મુખ્ય માંગણીઓ રજુ કરી છે.

કેન્દ્રિય ચૂંટણી આયોગના નિયમ મુજબ અન્ય ૧૨ કેડરના કર્મચારીઓમાંથી સમાન હિસ્સેદારીથી BLO ફરજ ફાળવવી, કારણ કે હાલમાં ૯૦ ટકા BLO શિક્ષકો છે. શિક્ષકોને BLO ફરજમાંથી મુક્ત કરી અલગ BLO કેડર રચવું. BLO બાબતે અધિકારીઓ દ્વારા ધમકાવણી કે ઉદ્ધત વર્તન ન થાય તે માટે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવી. BLO ઓનલાઈન એન્ટ્રી માટે ડેટા, મોબાઇલ અથવા લેપટોપની સુવિધા ન હોવા છતાં ડિજિટલ કાર્ય સોંપવું અયોગ્ય હોવાથી તે અંગે સ્પષ્ટતા કરવી. શિક્ષકોને ડેટા ઓપરેટર સમાન કામમાં વ્યસ્ત કરવામાં આવે તો શિક્ષણની ગુણવત્તા ઉપર અસર પડે છે, તેથી સરકારે શિક્ષણક્ષેત્ર પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા જાળવવી જોઈએ. રજુઆતમાં વધુમાં જણાવાયું છે કે BLO કામગીરીમાં લક્ષ્યાંકો પૂર્ણ કરવામાં સ્થાનિક પરિસ્થિતિઓ અસર કરતી હોવા છતાં શિસ્તભંગની નોટિસો આપવામાં આવે છે, જેને સંઘે અન્યાયકારી ગણાવી છે. સંઘે આ આવેદન રાજયના મુખ્યમંત્રી અને મુખ્ય ચૂંટણી અધિકારી સુધી પહોંચાડવાની વિનંતી કરી છે અને BLO સંબંધિત નીતિમાં યોગ્ય સુધારા કરવામાં આવે તેવી માગણી વ્યક્ત કરી છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........

### અમર્યાદ સ્ક્રોલિંગથી દિમાગમાં પેસી જતો સડો!



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

ઓક્સફર્ડે 'બ્રેઈન રોટ'ને વર્ડ ઓફ ધ યર જાહેર કર્યો છે. સ્ક્રોલ કરીને સતત નબળું કન્ટેન્ટ જોવાથી થતી લાંબાંગાળાની ગંભીર અસરનો અર્થ એ શબ્દમાં છુપાયો છે...

બિલ ગેટ્સે એ લેખમાં અપકમિંગ ટેક્નોલોજી પછી જગત કેટલું બદલાશે એની વાત કરી હતી. એમાં તેમણે લખ્યું હતું કે દુનિયામાં કમાણી હવે ઈન્ટરનેટના માધ્યમથી જનરેટ થશે અને એમાં કન્ટેન્ટ ચાવીરૂપ ભૂમિકામાં રહેશે.

કન્ટેન્ટનો સરળ અનુવાદ થાય - સામગ્રી. પરંતુ વાત આટલેથી અટકી જતી નથી. લેખન સામગ્રીથી લઈને ફોટો, વિડીયો એવા કોઈ પણ સ્વરૂપમાં જે સામગ્રી ઉપલબ્ધ છે એને કન્ટેન્ટ કહેવાય. તે હિસાબે બિલ ગેટ્સની વાત સાચી હતી. તેમણે આવનારા સમયને બરાબર પારખી લીધો હતો. કદાચ એટલે જ તેમના એ નિબંધને ટેક્નોક્રેટ્સ દ્વારા લખાયેલા શ્રેષ્ઠ નિબંધમાં સ્થાન મળે છે.

૨૧ મી સદીની સાથે ઈન્ટરનેટનો ઉદય થયો. સ્માર્ટફોન આવ્યાં. ડેટાની ક્રાંતિ થઈ. પરિણામે આખી દુનિયા બદલવા માંડી. સ્ટ્રીમિંગની ક્રાંતિ થઈ. વિડીયો શેરિંગ અને સોશિયલ મિડીયા પ્લેટફોર્મ્સ આવ્યા બાદ કન્ટેન્ટની વ્યાખ્યા થોડી બદલાઈ, પરંતુ કન્ટેન્ટ 'કિંગ'ની ભૂમિકામાં જ રહ્યું. કશુંક લખ્યું, કશુંક શેર કર્યું, ફોટો-વિડીયો ઓનલાઈન અપલોડ કર્યો - એ બધું જ કન્ટેન્ટ છે. શોર્ટ વિડીયોનો ટ્રેન્ડ શરૂ થયો પછી તો કન્ટેન્ટનો દબદબો અલગ લેવલે પહોંચી ગયો.

આજે કન્ટેન્ટ ખરેખર જ બિલ ગેટ્સે ૨૮ વર્ષ પહેલાં કરેલી આગાહી પ્રમાણે કમાણીનું સાધન છે. કરોડો લોકો શોર્ટ કે લોંગ વિડીયો, વ્લોગથી લાખો-કરોડો કમાઈ રહ્યાં છે. કન્ટેન્ટ અત્યારે સાચે જ કિંગ છે. સંસ્કૃતની આ ઉક્તિનો ડીપ મીનિંગ નીકળે છે. કોઈ પણ બાબતની મર્યાદા નક્કી થવી જોઈએ. બીજું બધું તો ઠીક, એક હદથી વધારે તો પ્રેમ પણ બોજ બની જતો હોય છે! રાજાનું વર્તન હદ બહાર જાય તો ગમે તેવો રાજા ય અળખામણો બની જાય છે. એક હદ પછી પ્રમાણભાન ન જળવાય તો કશું અગત્યનું રહેતું નથી.

કન્ટેન્ટની બાબતમાં અદ્દલ આવું જ થયું. પ્રમાણભાન ન જળવાયું. રોજના સેંકડો વિડીયો અપલોડ થવા માંડયા. દર મિનિટે અસંખ્ય ફોટો શેર થવા માંડયા. શોર્ટ વિડીયો શેરિંગ પ્લોટફોર્મમાં વિડીયો અપલોડ કરવાનું સરળ બન્યું ત્યારથી કન્ટેન્ટની ગુણવત્તા કથળી ગઈ. ટિકટોકથી શરૂ થયેલી શોર્ટ વિડીયો સર્વિસ ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને યુટયૂબ સુધી પહોંચી પછી કન્ટેન્ટમાં ગુણવત્તાનો વિચાર ઝાંખો પડી ગયો. યુટયૂબમાં શરૂઆતમાં લાંબાં વિડીયોમાં પણ નબળું કન્ટેન્ટ હતું જ, પરંતુ લોંગ વિડીયોમાં અલ્ગોરિધમ જુદી રીતે કામ કરતું હતું. એમાં આપણે જે જોઈએ એ જ આપણાં સજેશન્સમાં બતાવે. એના બદલે શોર્ટ વિડીયોમાં વાયરલ કન્ટેન્ટને સજેશન્સ બનાવીને વધુ ઓડિયન્સ સુધી પહોંચાડવા માટે અલ્ગોરિધમ સેટ થાય છે એટલે જે વાયરલ બને છે એવું જ કન્ટેન્ટ ચાલશે એમ માનીને સતત એ જ પ્રકારના વિડીયો-ફોટો શેર થતાં રહે છે અને એમાં ગુણવત્તાનો ભોગ લેવાયો. અમેરિકન નિબંધલેખક, પ્રકૃતિપ્રેમી રહસ્યવાદી ચિંતક હેનરી ડેવિડ થોરોનું વાલ્ડન પુસ્તક ૧૮૫૪માં પબ્લિશ થયું હતું. એમાં પ્રકૃતિનિરીક્ષણો લખતી વખતે થોરોએ માનવોની બદલાતી પ્રકૃતિ અને ચિંતનના સ્તરના સંદર્ભમાં એક શબ્દપ્રયોગ કર્યો - બ્રેઈન રોટ. જેનો અર્થ થતો હતો - દિમાગમાં પેસી જતો સડો. ૧૮૪૦માં યુરોપમાં પોટેટો રોટ નામે ઓળખાતી સ્થિતિ સર્જાઈ હતી. જેમાં સેંકડો બટાટામાં સડો પેસી ગયો હોવાથી કેટલાક વિસ્તારોમાં ભૂખમરાની સ્થિતિ આવી ગઈ હતી. એનાથી પ્રેરિત થઈને થોરોએ 'બ્રેઈન રોટ' શબ્દ લખ્યો હતો, પરંતુ દુનિયાને એની ખરી જરૂર પડી ૨૧મી સદીમાં. ૨૧ મી સદીનો પહેલો દશકો મધ્યાહને હતો ત્યારે ૨૦૦૪-૦૫માં અંગ્રેજી ભાષામાં ઓનલાઈન કન્ટેન્ટનો ટ્રેન્ડ આવી ગયો હતો. બીજી ભાષાઓની સામગ્રી હજુ એટલી ઓનલાઈન થઈ ન હતી, પણ અંગ્રેજીની ઘણી વેબસાઈટ બની ચૂકી હતી. સર્ચ એન્જિન ગૂગલ અને યાહૂના કારણે બધી સામગ્રી એક ક્લિકથી મળવા માંડી હતી. એમાં સારીની સાથે નબળી સામગ્રી પણ ઓનલાઈન ચડતી હતી. એડલ્ટ સામગ્રીનો ધોધ શરૂ થયો હતો અને વિડીયો ગેમ્સ વગેરે મનોરંજનના કારણે ઓનલાઈન રહેવાનું પ્રમાણ વધવા લાગ્યું હતું. એ વખતે ટ્વિટર નવું નવું શરૂ થયેલું અને એમાં નકામી ચર્ચા થતી નથી એવી ઈમેજ બનતી જતી હતી. એ વખતે કોઈએ ઓનલાઈન વધી રહેલા કન્ટેન્ટમાંથી નબળા કન્ટેન્ટના કારણે દિમાગ પર થઈ રહેલી અસર માટે થોરોને ટાંકીને પહેલી વખત 'બ્રેઈન રોટ' શબ્દ પ્રયોજયો.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058




સંપર્ક-મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ-૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ-૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

**સુરતના ૭૦૯ CCTV કેમેરાનું હવે ગાંધીનગરથી મોનિટરિંગઃ**

## પો. કમિશનર કચેરી ખાતે 'નેત્રમ'ના અપગ્રેડેશનનું Dy CMના હસ્તે લોન્ચિંગ, ગુનેગારોની ઓળખ અને ઝડપી ધરપકડ થઈ શકશે

સુરત- સુરત શહેરમાં ગુનાખોરી પર અંકુશ મેળવવા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવાના હેતુથી, સુરત પોલીસ કમિશનર કચેરી ખાતેના CCTV કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 'નેત્રમ'નું અપગ્રેડેડ વર્ઝનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આ અત્યાધુનિક અને અપગ્રેડ કરાયેલા 'નેત્રમ' CCTV કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અપગ્રેડેશન સુરત શહેરની સુરક્ષા વ્યવસ્થામાં એક મોટું અને મહત્ત્વનું પગલું છે.



સુરત શહેર હવે ૧૪૫૦ થી વધુ CCTV કેમેરાની સતત નિગરાની હેઠળ છે. આ કેમેરાઓ શહેરના મુખ્ય માર્ગો, જાહેર સ્થળો અને સંવેદનશીલ વિસ્તારો પર નજર રાખશે, જેનાથી ગુનાહિત પ્રવૃત્તિઓ પર તાત્કાલિક કાર્યવાહી કરવી શક્ય બનશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે સુરતના ૭૦૯ જેટલા કેમેરાનું સીધું મોનિટરિંગ હવે ગાંધીનગર ખાતેના રાજય સ્તરના 'ત્રિનેત્રમ' CCTV કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરથી પણ થઈ શકશે.

સુરત પોલીસના હાલના કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમને સેન્ટ્રલાઈઝ કરીને 'નેત્રમ'ની રચના કરવામાં આવી છે. અહીં બોડી વોર્ન ૩ કેમેરાનું લાઈવ મોનિટરીંગ કરવાની સુવિધા સજ્જ કરાઈ છે. કંટ્રોલ રૂમના તમામ વોલ્સ તથા ડિસ્પ્લે સિસ્ટમનું અપગ્રેડેશન કરવામાં આવ્યું છે, જેથી શહેરના વિવિધ વિસ્તારોનું વધુ સ્પષ્ટ અને રિયલટાઈમ મોનિટરીંગ શક્ય બન્યું છે. શહેર પોલીસને કુલ ૧૪૬૦ CCTV કેમેરા ફાળવવામાં આવ્યા છે, જેમાંથી ૧૩૩૩ કેમેરા ઇન્સ્ટોલ કરી દેવામાં આવ્યા છે, અને તેમાંનાં હાલ ૭૦૯ કેમેરા કાર્યરત છે. આ કેમેરા શહેરના મુખ્ય માર્ગો, જાહેર સ્થળો અને સંવેદનશીલ ઝોનમાં લગાવવામાં આવ્યા છે, જેના થકી સલામતી વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત થશે.

આ CCTV કેમેરા નેટવર્કનો મુખ્ય ઉદ્દેશ ગુનાખોરીને અટકાવવાનો અને ગુનેગારોને વહેલી તકે પકડવાનો છે. કેમેરાના ફૂટેજ દ્વારા ગુનાહિત પ્રવૃત્તિ પર સમયસર નજર રાખી શકાશે, જેનાથી મોટા ગુના બનતા અટકાવી શકાશે. પોલીસે ગુનાહિત પ્રવૃત્તિ ધરાવતા આરોપીઓના ફોટાઓ સિસ્ટમમાં સ્કેન કર્યા છે. આ સ્કેન કરેલા ડેટાબેઝની મદદથી, જયારે પણ આ આરોપીઓ કેમેરાની રેન્જમાં આવશે, ત્યારે સિસ્ટમ તાત્કાલિક ચેતવણી આપી શકશે.

નવી ટેક્નોલોજીના કારણે ગુનાખોરી કરનારા આરોપીઓને ઘટના બાદ તુરંત ઓળખીને અને તેમના હિલચાલ પર નજર રાખીને ઝડપથી પકડી શકાશે. આ અપગ્રેડેડ 'નેત્રમ' સેન્ટર સુરત શહેરની સુરક્ષા અને સલામતીને એક નવા સ્તરે લઈ જશે, જેનાથી નાગરિકો વધુ સુરક્ષિત મહેસૂસ કરશે.

સુરત શહેરના તમામ CCTV કેમેરા સિસ્ટમનું મોનિટરીંગ હવે રાજય સ્તરે સંકલિત કરવામાં આવ્યું છે. ગાંધીનગર સ્થિત 'ત્રિ-નેત્રમ'થી સુરત શહેરના કેમેરાઓનું સીધું લાઈવ સુપરવિઝન કરવામાં આવશે. સોફ્ટવેર સિસ્ટમમાં કરાયેલા અપગ્રેડેશનને કારણે DGP ઓફિસ અને મુખ્યમંત્રી કાર્યાલયમાંથી પણ સુરતના નેત્રમની લાઈવ ફીડ જોઈ શકાશે, જેના કારણે ઝડપથી નિર્ણય લેવો અને ઈમરજન્સી પ્રતિભાવ વધુ અસરકારક બનશે.

## સી. આર. પાટીલે કોંગ્રેસ પર પ્રહાર કર્યાઃ કહ્યું- 'સરદાર પટેલે ૨૪ કલાકમાં ૫૦૦ રજવાડા જોડ્યા, જવાહરલાલ નહેરુ જમ્મુ કાશ્મીરને પણ જોડી શક્યા ન હતા'

નવસારી- સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે 'સરદાર @૧૫૦ યુનિટી માર્ચ' અંતર્ગત નવસારી જિલ્લામાં એક્તા પદયાત્રાનું આયોજન કરાયું હતું. આ પદયાત્રામાં ૫૦૦૦ થી વધુ નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સી.આર પાટીલે કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા.

મંત્રી સી. આર. પાટીલે કાશ્મીર મુદ્દે નિવેદન આપતા જણાવ્યું હતું કે, 'સરદાર પટેલે ૫૦૦ જેટલા રજવાડાઓને ૨૪ કલાકમાં જોડ્યા હતા, પરંતુ પંડિત જવાહરલાલ નહેરુ જમ્મુ કાશ્મીર જોડી શક્યા નહોતા. કાશ્મીર જોડી ન શકવાને કારણે આજે પણ આપણે અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છીએ, જે આપણા દિલમાં ખૂંચે છે અને મનમાં પણ ખટકે છે.'

તેમણે વધુમાં જણાવ્યું કે, 'જે થયું તે થયું, પણ આજે ફરીથી ભારત સાથે કાશ્મીરને જોડવાના ચેલેન્જીસ અલગ છે. ૩૭૦ ની કલમ રદ્દ કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જે કચાસ રહી છે, એને પુરી કરવાનો પ્રયાસ કર્યો છે. સંપૂર્ણ સફળતા હજી બાકી છે, પરંતુ સરદાર વલ્લભભાઈ પટેલના અખંડ ભારતની યોજનાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચોક્કસ પુરી કરશે એવો દેશને વિશ્વાસ છે.' સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે 'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ' અંતર્ગત નવસારી જિલ્લામાં એક્તા પદયાત્રાનું આયોજન કરાયું હતું. શહેરના ફુવારાથી શરૂ થયેલી આ પદયાત્રા બીઆર ફાર્મ ખાતે સમાપ્ત થઈ હતી. આદિજાતી મંત્રી નરેશ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ પરેશ દેસાઈ, ધારાસભ્ય રાકેશ દેસાઈ, ઇન્ચાર્જ કલેક્ટર પુષ્પ લતા અને મહાનગરપાલિકા કમિશ્નર દેવ ચૌધરી સહિતના મહાનુભાવોએ પદયાત્રાને પ્રસ્થાન કરાવી હતી.




આ પદયાત્રામાં વિવિધ ક્ષેત્રના નાગરિકો સહભાગી થયા હતા. તેમાં ૧૫૦ સરદાર પટેલ વેશભૂષા પદયાત્રીઓ, ૫૦ કલાકારો, ૨૫૦ 'માય ભારત'ના સ્વયંસેવકો, ૧૦૦ યોગ બોર્ડના સભ્યો, ૫૦૦ શાળાના વિદ્યાર્થીઓ, ૨૫ કોલેજના વિદ્યાર્થીઓ, ૨૫૦ પોલીસ અને ફાયર ફાઇટરો, NCC કેડેટ્સ, ૮૦૦ યુવાનો અને ૨૦૦૦ નવસારી શહેર તથા ગ્રામ વિસ્તારના નાગરિકો, અધિકારીઓ અને કર્મચારીઓનો સમાવેશ થતો હતો. સૌએ રાષ્ટ્રીય એક્તાનો સંદેશ આપ્યો હતો.

## સોફ્ટવેર ડેવલોપર સ્પીચ આપતાં આપતાં ઢળી પડી



**સુરત-** સુરત શહેરમાં એક બાજુ છેલ્લા ઘણા સમયથી અચાનક બેભાન થયા બાદ મોતની ઘટનાઓ બની રહી છે. લગભગ રોજ એકાદ બે વ્યક્તિનું અચાનક બેભાન થયા બાદ મોતને ભેટવાની ઘટનાઓ યથાવત્ રહેવા પામી છે. દરમિયાન વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. કાપોદ્રા વિસ્તારમાં આવેલી ધારુકાવાળા કોલેજમાં મંચ પર સ્પીચ આપતી વખતે ચાલુ સ્પીચે અચાનક બેભાન થયા બાદ અમદાવાદની યુવતીનું મોત નીપજ્યું હતું. જેને પગલે પરિવારમાં શોક છવાઈ ગયું છે.

કાપોદ્રા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, અમદાવાદના રાયપુર ખાતે આવેલી અકાશેઠની પોળ ખાતે રહેતી ૨૪ વર્ષીય જીલબેન સુરેશભાઈ ઠક્કર અમદાવાદની ખાનગી આઈટી કંપનીમાં સોફ્ટવેર ડેવલોપર પર તરીકે નોકરી કરતી હતી. ગઈકાલે વહેલી સવારે જીલ તેમના મિત્રો સાથે કાપોદ્રા ખાતે આવેલા ધારુકાવાળા કોલેજમાં વર્લ્ડ કેમ્પમાં આવી હતી. દરમિયાન કોલેજના ઓડિટોરિયમમાં મંચ ઉપર સ્પીચ આપતી હતી. ત્યારે ચાલુ સ્પીચે અચાનક પડી ગઈ અને બેભાન થઇ ગઈ હતી. તેમને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી, જયાં પ્રાથમિક સારવાર દરમિયાન તબીબે મૃત જાહેર કરી હતી.


## પાળીયાદ મહાજન પાંજરાપોળ ને રૂ. ૧૭૫૦૦૦ હજાર નો ગુરુકૃપા ફાઉન્ડેશન ટીમ અમદાવાદ તરફથી સહયોગ

**સુરત-** આજ રોજ ગુરુકૃપા ફાઉન્ડેશન ટીમ અમદાવાદ નાં શ્રી ગૌરાંગભાઈ તેમજ સેવાભાવી સદ્સ્યો દ્વારા પાળિયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ ની મુલાકાત લઈ પાંજરાપોળ નાં અબોલ પશુઓને ઔષધિ યુક્ત લડવા તથા લીલી તેમજ સુકી જુવાર નું ભોજન કરાવામાં આવેલ ગુરુકૃપા ફાઉન્ડેશન દ્વારા રૂ. ૧,૦૦,૦૦૦ ઘાસચારા માટે રૂ. ૪૩,૦૦૦ ઔષધિ યુક્ત લાડુના રૂ. ૩૨,૦૦૦ સુકી જુવાર માટે રૂ.૧,૭૫,૦૦૦કુલ રકમ નો સહયોગ પાળિયાદ મહાજન પાંજરાપોળ ને અર્પણ કરવામાં આવેલ છે.

શ્રી પાળિયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ નાં ટ્રસ્ટીગણ તેમજ સેવાભાવી સદ્સ્યો ગુરુકૃપા ફાઉન્ડેશન અમદાવાદ નાં શ્રીમાન ગૌરાંગભાઈ તથા સેવાદક્ષ ટીમનો હૃદય પૂર્વક ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.







Date-19/11/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## બિહારની ચૂંટણી ઉપર પળે પળની નજર રાખનાર સુરતનાં બિહારી લોકોને મળ્યાં વિના જાઉં તો મારી યાત્રા અધૂરી રહેઃ નિતિશકુમારનું અપમાન કરવાની ફેશન થઇ ગઇ છે

# બિહારમાં MY સમીકરણે રાજનીતિનો પાયો મજબૂત બનાવ્યોઃ મોદી

**એન.ડી. એ. અને મહાગઠબંધન વચ્ચે ૧૦ ટકા મતોનો ફર્ક છે મ બિહારની ચૂંટણીએ આવનારા દશકો માટે નવો પાયો નાખ્યો**



**દલિત પ્રભાવિત ૩૮માંથી ૩૪ બેઠકો ઉપર એન.ડી.એ.નો વિજય, કોંગ્રેસ પોતાનાં નેતાઓ અને ગઠબંધનનાં નેતાઓને પણ હારનું કારણ સમજાવી શકતી નથી**

બિહાર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો જાહેર થયાનાં ૨૪ કલાકમાં જ સુરતની મુલાકાતે આવેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરતમાં વસતાં બિહારી લોકોનો આભાર માન્યો હતો. બિહારની મહિલાઓ અને યુવાનોના માથ કોમ્બિનેશને જે જનાદેશ આપ્યો છે તેણે આવનારા દશકોની રાજનીતિનો પાયો મજબુત બનાવ્યો છે તેમ જણાવતાં વડાપ્રધાને કહ્યું હતું કે, એન.ડી.એ. અને મહાગઠબંધન વચ્ચે ૧૦ બિહારમાં પરાજય મળ્યાં પછી કોંગ્રેસ પાસે તો પોતાની હાર માટે ચૂંટણીપંચ અને ઇવીએમમાં ગોટાળાનું સરળ બહાનું છે. બિહારની ચૂંટણીમાં મહિલાઓ અને યુવાનોનું જે ખટ કોમ્બિનેશન બન્યું છે તેણે દશકોની રાજનીતિનો પાયો મજબુત બનાવ્યો છે. સુરત જિલ્લાનાં અંત્રોલી ખાતે બુલેટટ્રેન સ્ટેશનનાં નિરિક્ષણ માટે આવેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે સુરત એરપોર્ટ ખાતે આવી પહોચ્યા હતાં અને સીધા જ હેલિકોપ્ટર મારફતે અંત્રોલી ચર્યા હતાં. બુલેટટ્રેનનું નિરિયલ કર્યા બાદ પરત સુરત આવ્યાં ત્યારે શિડ્યુઅલમાં જે કાર્યક્રમ ન હતા તે કાર્યક્રમ અચાનક ગોઠવાઈ ગયો હતો. સુરતમાં વસતા બિહારીઓ સહિત સુરતીઓને રૂબરૂ મળવાનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં એરપોર્ટ પરિસર ખાતે ઉપસ્થિત બિહારી લોકોને સંબંધન કરતાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, સુરતમાં વસતા બિહારી લોકો પણ બિહારની ચૂંટણી ઉપર પળે પળની ખબર રાખી રહ્યાં હતાં. બિહારમાં ઐતિહાસિક વિજય થયો હોય અને સુરતથી જવાનું થાય ત્યારે સુરતી ખિહારીઓને મળ્યા વિના જાઈ તો મારી થાશ અપુરી રહે. સુરતમાં રહેતાં બિહારીભાઈનો વિજયોત્સવ મનાવવાનો હક અને છે અને તેમાં શામેલ થવાની મારી જવાબદારી બને છે. બિહારમાં વક્કનાં નામે જમીન ઉપર કબજો કરવામાં આવ્યો હતો પણ અમારી સરકારે વકા બિલ લાવી ન્યાય અપાવ્યો છે. જામીન ઉપર છૂટેલાં એક નેતાએ સમગ્ર બિહારમાં જાતિવાદને મુદ્દો બનાવ્યો પરંતુ તે ચાલ કામ લાગી નહી.

બિહારમાં દલિત પ્રાભાવિત ૩૮માંથી ૨૪ બેઠકો એન.ડી.એ. જીત્યું છે જે લોકોનો વિશ્વાસ દર્શાવે છે. બિહાર ચૂંટણીનાં પરિણામો દેશનાં ચૂંટણી પરિણામો એક મહત્વનો માગ છે. બિહારની ચૂંટણીએ આવનારા દશકો માટે નવો પાવો નાંખ્યો છે. કોંગ્રેસ ઉપર આકરાં શરસંધાન કરતાં પડછાપાને જણાવ્યું હતું કે, કોંગ્રેસી નેતાઓ પોતાની પાર્ટી અને ગઠબંધનના પક્ષોને પણ બિહારની હારનું કારણ સમજાવી શકતાં નથી. ચૂંટણીમાં સજ્જડ પરાજય મળતું પછી ચૂંટણીપંચ હરાવે છે અને ઇવીએમ તરાવે છે. એસ.આઈ.આર. હરાવે છે તેવું સરળ બહાનું કોંગ્રેસનાં નેતાઓ પાસે છે તેવો કટોલ પણ વડાપ્રધાને કર્યો હતો. બિહારનાં વરિષ્ઠ નેતા નિતિશકુમારનું અપમાન કરવાની જાણે ફેશન થઈ ગઈ છે. વિધાનસભામાં એક નામદાર અને લોકસભામાં બીજા નામદાર એવી ભદી હરકતો કરતાં હતાં કે તેમણે તમામ મર્યાદા વટાવીને નિતિશકુમારનું અપમાન કર્યું હતું. બિહારના લોકોની ભરપૂર પ્રશંસા કરતાં વડાપ્રધાને કહ્યું હતું કે, કોવિડ સમયે પગપાળા પોતાના વતન પહોચીને ટૂંકા સમયગાળામાં પોતાનો વ્યવસાય શરૂ કરીને પ્રગતિ હાંસલ કરનાર બિહારીઓને પુછ્યું તો તેમણે કહ્યું કે, કોવિડ તો તેમના માટે આશીર્વાદ બની ગયો, હવે બીજા રાજયોમાં કામ કરવા નહીં જઈએ. વિકાસને નથી ઉંચાઈએ લઈ જવાનો મિજાજ બિહારીઓમાં છે જે આ વખતની ચૂંટણીમાં પણ જોવા મળ્યો છે.

## પાળીયાદ ખાતે પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યામાં ગુજરાત રાજયના નવનિયુક્ત કેબિનેટ મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજા સાહેબ શ્રી રાઘવેન્દ્ર સરકાર અને ઠાકર શ્રી વિહળાનાથ ના દર્શનાર્થે પધાર્યા



**પાળીયાદ-** તા. ૧૩/૧૧/૨૦૨૫, ગુરુવાર ના રોજ, પાળીયાદ ખાતે પૂજય શ્રી વિસામણબાપુની જગ્યામાં, ગુજરાત રાજયના નવનિયુક્ત કેબિનેટ મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજા સાહેબ (સામાજિક ન્યાય તથા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિભાગ) શ્રી રાઘવેન્દ્ર સરકાર અને ઠાકર શ્રી વિહળાનાથ ના દર્શનાર્થે પધાર્યા હતા.


આ પવિત્ર પ્રસંગે મહાનુભાવોએ પરમ પૂજય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ના આશીર્વાદ પ્રાપ્ત કર્યા અને પૂજય શ્રી ભયલુબાપુ સાથે શુભેચ્છા મુલાકાત લીધી. પછી તેમણે શ્રી બણકલ ગૌશાળા, અશ્વશાળા અને સંત નિવાસ (કૈલાશ) ની મુલાકાત લીધી હતી, જયાં સર્વત્ર રહેલી સ્વચ્છતા, સુવ્યવસ્થા અને સેવા ભાવના જોઈને તેમણે હર્ષ વ્યક્ત કર્યો તથા સમગ્ર વ્યવસ્થાને વધાવી હતી.

આ પ્રસંગે સાથે નીચેના આગેવાનોની પણ ઉપસ્થિતિ રહી. ૧. જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી મયુરભાઇ પટેલ ૨. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પાલજીભાઇ પરમાર, ૩. જિલ્લા ઉપાધ્યક્ષ શ્રી વિનુભાઇ સોલંકી, ૪. રાણપુર અડખઈ ચેરમેન શ્રી કિશોરભાઇ ધાધલ ૫. અમદાવાદ જિલ્લા પંચાયત સદસ્યશ્રી કમલેશભાઇ સોલંકી, શ્રી વિહળધામ પાળીયાદ ધામમાં આ ઉપસ્થિતિ સૌ માટે પ્રેરણારૂપ બની રહી.

## મોતા શાંતારામ ભટ્ટ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ગિજુભાઈ બધેકાની જન્મજયંતીની ઉજવણી



**બારડોલી :** બારડોલીના મોતા કેળવણી મંડળ સંચાલિત શાંતારામ ભટ્ટ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ગુજરાતી સાહિત્ય શિક્ષણવિદ, બાળ કેળવણીકાર અને લેખક ગિજુભાઈ બધેકા મુછાળીના જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી.' બાળકોમાં શિક્ષણને રોચક અને રસપ્રદ કઈ રીતે બનાવવા માટે વાર્તા બાળગીત, અભિનય ગીત જોડકણા અને ટૂંકી સરળ શબ્દાવલીઓ દ્વારા બાળકને સહજતાથી સમજ પડે એ માટે શિક્ષણ આપવાનો આગ્રહ ગિજુભાઈ બધેકાનો હતો. આ અવસરે શાળાના આચાર્ય દીપિકાબેન પટેલે બાળકોને ગિજુભાઈ બધેકા વિશે માહિતી પૂરી પાડી હતી. ધોરણ ૫ના વિદ્યાર્થી અવયુક્ત યોગેશભાઈ પટેલે ગિજુભાઈ બધેકાનું પાત્ર ભજવ્યું હતું. શાળાના શિક્ષક ભાવિની બહેને કાવ્યગાન, આશાબેન ગિજુભાઈ બધેકાના બાળ કેળવણી વિચારો વ્યક્ત કર્યા હતા. વર્ષાબહેને કાવ્યપઠન, અફસાનાબહેને બાળવાર્તા રજૂ કરી, કામિનીબહેન, નિલમબહેન, વર્ષાબહેને અભિનય ગીત રજૂ કર્યું હતું. શાળાના પ્રમુખ નવીનભાઈ પટેલે આચાર્ય અને શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.



















ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ધામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).